



# તમામ એક્ઝિટ પોલ ખોટા પડ્યાં

ભારત હેડલાઈન, તા.૪

દેશમાં લોકસભાની યોજાયેલી ચૂંટણીના પરિણામ આજે જાહેર થયા છે પરંતુ આટલા વર્ષોના ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત પરિણામના એક્ઝિટ પોલ ઉંધા માથે પડ્યા છે. એક પણ ન્યુઝ ચેનલ કે એજન્સીના સર્વે સચોટ સાબિત થયા નથી. તેના પરથી દેશની જનતા અને મતદારોનો અસલી મિજાજ પારખવા માટે આ એજન્સીઓ કયા પ્રભાવ હેઠળ આવી જતી હશે તે પણ સવાલ ઉઠ્યો છે. જુદી જુદી એજન્સીએ એનડીએ સરકારને તો ૪૦૦ સીટ પણ આપી દીધી હતી તો વિરોધ પક્ષ કોંગ્રેસ સહિતના 'ઈન્ડિયા' ગઠબંધનને કોઈએ પોણા બસ્સો બેઠક પણ આપી ન હતી. પણ પરિણામો જાહેર થતાં ચૂંટણીના ચાણક્યો મોઢું દેખાડવા જેવા રહ્યા નથી.



રાજકોટમાં ભાજપને પૂરા સૌરાષ્ટ્રની સૌથી મોટી લીડ મળી

વાંચો પેજ નં. 5

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily (Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 05 June 2024, Wednesday | Page : 10 | Year : 1 | Issue : 196 | Price: 2/-

## 'ઘમંડિયા' ગઠબંધને ભાજપનું 'ઘમંડ' તોડ્યું

# કેન્દ્રમાં તીસરી બાર મોદી સરકાર



ભારત હેડલાઈન, તા.૪

લોકસભાની ૫૪૩માંથી ૫૪૨ બેઠકો પર મતગણતરી ચાલી રહી છે. વલણોમાં ભાજપ બહુમતથી દૂર છે. તેમને ૩૨થી વધુ બેઠકોનું નુકસાન જોવા મળી રહ્યું છે. ૨૦૧૯માં પાર્ટીને ૩૦૩ સીટો મળી હતી. જો કે એનડીએની સરકાર બનશે તેવું લાગી રહ્યું છે. વલણોમાં NDA 291 બેઠકો પર જીત મેળવી છે અને I.N.D.I.A. 234 બેઠકો પર જીત મેળવી છે. વલણો ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં એનડીએને નુકસાન દર્શાવે છે. લખનૌના રામબાઈ વિસ્તારમાં મતગણતરી કેન્દ્રમાં ભાજપ અને સપાના કાર્યકરો એકબીજા સાથે બાખડ્યા હતા. તો ભાજપના ૪૦૦ પારના સપના ચકનાચૂર થઈ ગયા છે. એનડીએને ૩૦૦ બેઠકો પણ નથી મળી. ત્યારે એનડીએ ગઠબંધનની સરકાર તો બનશે પરંતુ ઈન્ડિયા ગઠબંધને એનડીએને બરાબરની ટક્કર આપી છે. સવારે કાઉન્ટિંગ શરૂ થતાં જ આવેલા રૂઝાનોમાં ભાજપને પરસેવા છૂટી ગયા હતા. હવે ગઠબંધનની સરકાર માટે નીતિશકુમાર અને ચંદ્રાબાબુ નાયડુ કિંગમેકરની ભૂમિકામાં જોવા મળશે. ત્યારે એમ કહી શકાય કે, ભાજપ સરકારને જનતાએ મોટી પછડાટ આપી છે અને ઈન્ડિયા ગઠબંધન પર થોડો ઘણો ભરોસો બતાવી તેને વેઈટિંગમાં મૂક્યા છે.

## NDA બહુમતીને પાર, આજે મોદી કેબિનેટની બેઠક

લોકસભાની ૫૪૩માંથી ૫૪૨ બેઠકો પર મતગણતરી થઈ છે. બુધવારે સવારે ૧૧.૩૦ વાગ્યે મોદી કેબિનેટની બેઠક બોલાવવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે કે આ બેઠક પછી નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન જશે અને રાજીનામું આપશે અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે ૧૬મી માર્ચે લોકસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી કુલ ૭ તબક્કામાં મતદાન થયું હતું. ૪૪ દિવસની આ ચૂંટણી ૧૯૫૨ પછી સૌથી લાંબી હતી. તે ૧૯૫૨માં ૪ મહિના સુધી ચાલી હતી.

# શેરબજાર તૂટ્યુંઃ રોકાણકારોના 45 લાખ કરોડ સ્વાહા

### સેન્સેક્સ 4389 અને નિફ્ટી 1379 પોઈન્ટ તૂટીને બંધ

ભારત હેડલાઈન, તા.૪

આજે, ૪ જૂને, લોકસભા ચૂંટણીના પરિણામોના દિવસે, સેન્સેક્સ ૪૩૮૯ પોઈન્ટ અથવા ૫.૭૪%ના ઘટાડા સાથે ૭૨,૦૭૯ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી પણ ૧,૩૭૯ પોઈન્ટ્સ અથવા ૫.૯૩% ઘટીને ૨૧,૮૮૪ના સ્તરે બંધ રહ્યો હતો. ચૂંટણી પરિણામોના દિવસે શેરબજારમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં ૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોએ આજે ૪૫ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. તમને જણાવી દઈએ કે, માર્ચ ૨૦૨૦ પછી શેરબજારમાં આ સૌથી મોટો ઘટાડો છે. છેલ્લા છ વખતમાં માત્ર બે વાર એવું બન્યું છે કે ચૂંટણીના પરિણામોના દિવસે શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હોય. ૨૩ મે ૨૦૧૯ના રોજ સેન્સેક્સ ૦.૭ ટકા ઘટ્યો હતો.

# હું તમામ દેશવાસીઓનો ઋણી છું, આ 140 કરોડ ભારતીયોની જીત છેઃ PM મોદી

## મારી માતાના મૃત્યુ પછી આ મારી પ્રથમ ચૂંટણી, અમે બધાએ પૂરી ઈમાનદારીથી પ્રયાસ કર્યોઃ પીએમ મોદી



ભારત હેડલાઈન, તા.૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪ની મતગણતરી પૂર્ણ થયા પછી રાત્રે ૮ વાગ્યે દિલ્હીના ભાજપ કાર્યાલયે કાર્યકરો દ્વારા જીતની ઉજવણી કરવામાં આવી હતી. અહીં પ્રથમ જે.પી. નડ્ડાએ કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતું અને તે પછી વડાપ્રધાન મોદીએ ૩૪ મિનિટનું ભાષણ આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ આજે સંબોધન કરતાં કહ્યું કે, આ INDIA ગઠબંધનના લોકો સાથે મળીને પણ એટલી સીટો જીતી શક્યા નથી, જેટલી ભાજપે એકલા હાથે જીતી છે. પોતાના કાર્યકર્તાઓની પ્રશંસા કરતા PMએ કહ્યું કે તમે આટલી ગરમીમાં પણ જે પરસેવો વહાવો છો તે મને કામ કરવાની પ્રેરણા આપે છે. પીએમ મોદીએ કહ્યું, મારી માતાના મૃત્યુ પછી આ પહેલી ચૂંટણી છે. પરંતુ મારા દેશની માતાઓ અને બહેનોએ મને ક્યારેય મારી માતાની ગેરહાજરી અનુભવવા દીધી નથી. પીએમ મોદીએ કહ્યું- આજનો દિવસ ભાવનાત્મક દિવસ છે. આજની આ જીત ૧૪૦ કરોડ દેશવાસીઓની જીત છે.

પીએમ મોદીએ કહ્યું, '૧૦ વર્ષ પહેલા દેશે અમને પરિવર્તન માટે જનાદેશ આપ્યો હતો. એ સમય હતો જ્યારે દેશ નિરાશામાં ડૂબી ગયો હતો. અમારા માટે Fragile Five જેવા શબ્દોનો ઉપયોગ કરાતો હતો, દરરોજ અખબારોની હેડલાઈન્સ કૌભાંડોથી ભરેલી હતી, દેશની યુવા પેઢી તેમના ભવિષ્યને લઈને ભયભીત થઈ ગઈ હતી. ત્યારે દેશે આપણને નિરાશાના ગહન મહાસાગરમાંથી આશાના મોતી કાઢવાની જવાબદારી સોંપી હતી. અમે બધાએ પૂરી ઈમાનદારીથી પ્રયાસ કર્યો અને કામ કર્યું.

## આ લડાઈ બંધારણને બચાવવાની હતીઃ રાહુલ ગાંધી



ભારત હેડલાઈન, તા.૪

લોકસભા ચૂંટણીના પરિણામો વચ્ચે સાંજે ૫.૩૦ કલાકે કોંગ્રેસે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં ખડગેએ જણાવ્યું હતું કે, ૧૮મી લોકસભા ચૂંટણીમાં અમે વિનમ્રતાથી રિઝલ્ટ સ્વીકારીએ છીએ.આ સ્પષ્ટ છે કે આ મેન્ડેટ વડાપ્રધાન મોદી વિરુદ્ધ છે. આ મોદીજીની નૈતિક હાર છે. અમારા ખાતા સીઝ કરવામાં આવ્યા. સરકારી એજન્સીઓએ ડગલેને પગલે અડચણો નાખી. આ લોકતંત્રની જીત છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ચૂંટણી કોંગ્રેસ અને I.N.D.I.A. ગઠબંધન ન માત્ર એક રાજકીય પક્ષ સામે લડી પરંતુ વિપક્ષે સરકારી એજન્સીઓ વિરુદ્ધ પણ ચૂંટણી લડી. આ સંસ્થાઓને મોદી સરકારે ડરાવ્યા અને ધમકાવ્યા છે. આ ચૂંટણી ઈડી, સીબીઆઈ વિરુદ્ધ હતી. આ લડાઈ બંધારણને બચાવવાની હતી. જ્યારે આ લોકોએ અમારા બેંક ખાતા ફ્રીઝ કર્યા. વિપક્ષી નેતાઓને જેલમાં નાખ્યા તો મને વિશ્વાસ હતો કે આપણાં દેશની જનતા બંધારણ બચાવવા માટે વોટ કરશે. અમે I.N.D.I.A ગઠબંધનનું માન જાળવ્યું. દેશને અમે નવું વિઝન આપી દીધું છે.

### મધ્યપ્રદેશ આવ્યું ભાજપની વ્હારે, 100 ટકા બેઠકોની ભેટ આપી

## મધ્યપ્રદેશની તમામ 29 બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો

ભારત હેડલાઈન, તા.૪

લોકસભા ચુંટણીના પરિણામોમાં દેશનું દિલ ગણાતા મધ્યપ્રદેશ ફરી ભાજપની લાજ રાખી છે. મધ્યપ્રદેશમાં કુલ ૨૯ લોકસભા બેઠકોનો સમાવેશ થાય છે જેમાંથી તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારોને જીત મળી છે. આમ મધ્યપ્રદેશ રાજય ભાજપ માટે સંજીવની સાબીત થયું હતું. ગત ૨૦૧૯ની લોકસભા બેઠકમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે હારેલા ઉમેદવાર જયોતિરાદિત્ય સિંધિયા ભાજપના ઉમેદવાર તરીકે ગુના બેઠક પર પ્રતિસ્પર્ધીને ૫ લાખ કરતા વધુ મતોથી પરાજય આપ્યો હતો. વિદિશા બેઠક પર પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ૮ લાખ કરતા વધુ મતોની સરસાઈથી જીત મેળવી છે.

## ઉત્તરપ્રદેશમાં NDAને પછડાટઃ અખિલેશ યાદવનો જાદુ ચાલ્યો

ભારત હેડલાઈન, તા.૪

આજે લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા છે. તમામ એક્ઝિટ પોલ ખોટા પડ્યા છે અને ઈન્ડિયા ગઠબંધને ૨૩૪ જેટલી સીટ પર જીત મેળવી છે ત્યારે ઉત્તરપ્રદેશે આ વખતે સૌને ચોંકાવી દીધું છે. ઉત્તરપ્રદેશની ૮૦માંથી ૪૩ સીટ પર ઈન્ડિયા બ્લોક જીતી છે, તો ભાજપ ૩૬ સીટ પર આગળ છે. યુપીમાં આ વખતે ભાજપ વિરુદ્ધ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે મળીને ચૂંટણી લડી હતી. અત્યાર સુધીના વલણોમાં સમાજવાદી પાર્ટી ૩૭ અને કોંગ્રેસ ૬ સીટ પર ઓલમોસ્ટ જીતી ચૂકી છે. સૌથી ચોંકાવનારી બાબતમાં અમેઠીથી સ્મૃતિ ઈરાનીની હાર થઈ છે. ત્યારે ઉત્તરપ્રદેશમાં અખિલેશનો જાદુ ચાલી ગયો છે અને ભાજપને પછડાટ મળી છે.



## ઈન્દોર બેઠકના શંકર લાલવાણી રેકોર્ડબ્રેક 1175092 મતની સરસાઈથી જીત્યા

ઈન્દોર લોકસભા બેઠક પરથી કોંગ્રેસના અક્ષય કાંતિ બમે ઉમેદવારી પત્ર પાછુ ખેંચતા બીજેપીના શંકર લાલવાણી ઉમેદવાર તરીકે રહયા હતા. મુખ્ય પ્રતિસ્પર્ધી વિનાની બેઠક પર શંકર લાલવાણીને મતગણતરીમાં ૧૨૨૬૭૫૧ મત મળ્યા હતા જે પોતાના નજીકના પ્રતિસ્પર્ધી કરતા ૧૧૭૫૦૯૨ વધારે હતા. આ સાથે જ લાલવાણીએ સૌથી વધુ મતોથી વિજય મળવીને રેકોર્ડ સર્જયો છે. આ ઉપરાંત નોટામાં ૧ લાખ કરતા પણ વધુ મતો પડયા હતા જે પણ રેકોર્ડ છે.

# ગુજરાતમાં 25 સીટ ભાજપ



## ગુજરાતમાં કોંગ્રેસમાંથી એકમાત્ર ગેનીબેનની જીત

ભારત હેડલાઇન, તા.૪
ગત ૧૬ માર્ચે લોકસભા ચૂંટણી જાહેર થઈ અને ત્યારથી લઈ અત્યાર સુધીમાં આ ચૂંટણી અનેક રીતે યાદગાર બની છે. જો કે આ ૮૦ દિવસો દરમિયાન અનેક રાજકીય ઉતાર ચડાવ આવ્યા છે. ગુજરાતમાં ૭મે, ૨૦૨૪ રોજ લોકસભા ચૂંટણીનું મતદાન યોજાયું હતું અને ત્યારથી લઈ પરિણામો અંગે મતદારોમાં ઉત્તેજના છે. હાલ ૨૫ સીટની મતગણતરી પ્રક્રિયા ચાલી રહી છે. સુરત સીટ પર ભાજપના મુકેશ દલાલ બિનહરિફ જાહેર થઈ ચૂક્યા છે. જ્યારે બાકીની ૨૫ સીટમાંથી બનાસકાંઠા સીટ પર ગેનીબેનની જીત થઈ છે. આમ ભાજપને ૨૫ સીટ મળી છે.
ગેની બેને કોંગ્રેસમાંથી ટિકિટ જ એ શરતે લીધી કે પ્રદેશ કે રાષ્ટ્રીય સ્તરના કોઈ નેતા તેમની બેઠક પર પ્રચાર કરવા નહીં આવે, ચૂંટણી લડવાનું ફંડ પોતે જ જનતાફાળા દ્વારા ભેગું કરશે. તેમજ ગામેગામ મિટિંગોનો દૌર, મતદાનના દિવસે સવારથી સાંજ સુધી અસંખ્ય ગામોમાં ફરી વળ્યા અને ભાજપના શંકર ચૌધરીના બૂથથી લઈને યૂથ સુધીના મેનેજમેન્ટના ભૂક્કા બોલાવી દીધા.
ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, ૪ બેઠક પર ૫ લાખથી વધુની લીડ મળી છે. ૨ બેઠક ૭ લાખની લીડથી જીત્યા છીએ. કમનસીબે અમે ગુજરાતમાં તમામ સીટ જીતી શક્યા નહીં. અમે ૨૪ સીટ બહુમતીથી જીત્યા છીએ. ઓછા માર્જિનથી માત્ર એખ જ સીટ જીત્યા છીએ. બનાસકાંઠાના મતદારોની નારાજગી હશે એટલે અમે જીતી શક્યા નથી.

### ભાજપની જીત

| | |
|---|---|
| પ.અમદાવાદ | ભાવનગર |
| જૂનાગઢ | દાહોદ |
| પોરબંદર | છોટાઉદેપુર |
| જામનગર | બારડોલી |
| વડોદરા | ભરૂચ |
| ખેડા | નવસારી |
| વલસાડ | કચ્છ |
| મહેસાણા | અમદાવાદ પૂર્વ |
| ગાંધીનગર | પંચમહાલ |
| સુરેન્દ્રનગર | પાટણ |
| રાજકોટ | આણંદ |
| અમરેલી | સાબરકાંઠા |

## કમનસીબે અમે ગુજરાતમાં તમામ સીટ જીતી શક્યા નહીંઃ પાટીલ

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું હતું કે, તમામનો આભાર. આજે મત ગણતરી પૂરી થયા બાદ ૨૬ સીટનું પરિણામ આપની સામે છે. આ પહેલા પણ બંને વખત ૨૬ સીટ ભાજપ જીતી હતી. આ લોકસભામાં ૨૬ સીટ જીતવાનો સંકલ્પ કર્યો હતો પણ ક્યાંક મતદાતાની નારાજગી હશે, અમારાથી કંઈ ભુલ થઈ હશે એટલે ફક્ત ૩૧ હજાર મતથી અમે એક સીટ હાર્યા છીએ. ૧ સીટ ગુમાવ્યાનો અફસોસ છે અને ૨૪ સીટ જીતવાનો આનંદ છે. મતદારોને જે રીતે પ્રધાનમંત્રી અને ગૃહ મંત્રી એ જે રીતે જોડી રાખ્યા એના કારણે જ ગત વખત જેટલા જ મત મેળવીને જીતી શક્યા છીએ. ૪ સીટ ૫ લાખ મત કરતાં વધારે જીત્યા છીએ. ૩ લાખ ઉપર ૬ સીટ, ૨ લાખ ઉપર ૬ સીટ જીત્યા છીએ. સાબરકાંઠા સીટ ઓછી લીડથી જીત્યા છીએ. ગુજરાતના વિકાસનું પ્રતિબિંબ આ જીત છે. અમારી ભુલને સમજીને દૂર કરવાની ખાતરી આપીએ છીએ. રાજકોટમાં થયેલા અગ્નિ કાંડને કારણે અમે ઉજવણી કરવાના નથી અને બહુ સહજતાથી જીત લીધી છે.



## તકલીફ હશે એ દૂર કરીશુંઃ ભુપેન્દ્ર પટેલ

જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજકોટની ઘટના બની છે એ ઘટનાના દુઃખ સાથે આ લોકસભાના પરિણામને વધાવીએ છીએ. કાર્યકર્તાથી માંડીને લોકોમાં જે વિશ્વાસ હતો એના આધારે ૨૬ સીટ જીતવાનો વિશ્વાસ હતો પણ ૧ સીટ અમે ગુમાવી છે. જે પણ કચાશ હશે, તકલીફ હશે એ દૂર કરી ગુજરાતને વિકાસની જે ગતિ છે એના કરતાં વધારે ગતિથી આગળ વધીશું.

# શાહને પાછળ રાખી પાટીલે સૌથી વધુ લીડથી જીત મેળવી



## પાટીલ ૭.૭૩ લાખ મત અને અમિત શાહ ૭.૪૪ લાખ મતની સરસાઈથી વિજેતા, બન્નેને ૭૬ ટકાથી વધુ મત મળ્યા

ભારત હેડલાઇન, તા.૪

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને એનડીએને પોતાની અપેક્ષા પ્રમાણે પરિણામ નથી મળી રહ્યું એવું હાલ લાગી રહ્યું છે. પ્રદેશ ભાજપ-પ્રમુખ સી.આર.પાટીલે આમ તો ગુજરાતની દરેક બેઠક ૫ લાખ મતની લીડથી જીતવાનો ટાર્ગેટ રાખ્યો હતો, પરંતુ તે ટાર્ગેટ પૂરો નથી થયો. ગાંધીનગરથી અમિત શાહ અને નવસારીથી સી.આર.પાટીલ ચૂંટણી લડ્યા છે. આ બન્ને નેતાઓએ રેકોર્ડબ્રેક મત સાથે જીત મેળવી લીધી છે. પાટીલે પોતાનો જ રેકોર્ડ તોડીને આખા ગુજરાતમાં સૌથી વધુ ૭ લાખ ૭૩ હજાર ૫૫૧ મતની લીડથી જીત મેળવી છે. જ્યારે ગાંધીનગર બેઠક પરથી અમિત શાહે ૭ લાખ ૪૪ હજાર ૭૧૬ મતની સરસાઈથી જીત મેળવી છે. આખા ગુજરાતમાં પાટીલ પછી અમિત શાહ સૌથી વધુ મતની લીડથી વિજેતા થયા છે.

ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણી જે બેઠક પરથી સતત ચૂંટાતા હતા એ ગાંધીનગર લોકસભા બેઠક પરથી અમિત શાહ ૨૦૧૯માં પહેલીવાર લોકસભાની ચૂંટણી લડ્યા. આ ચૂંટણીમાં તેમણે ૮ લાખ ૯૪ હજાર ૬૨૪ મત મેળવ્યા હતા. તેમણે ૫ લાખ ૫૭ હજાર ૦૧૪ મતની લીડથી જીત મેળવી હતી. તેમને મળેલો વોટ શેર ૬૯.૬૭ ટકા હતો. ૧૯૯૭માં અમિત શાહ સરખેજ વિધાનસભા બેઠક પરથી પેટાચૂંટણી લડ્યા હતા, જેમાં તેમને કુલ ૭૬ હજાર ૮૩૯ મત મળ્યા હતા. આ પેટાચૂંટણીમાં તેમણે ૨૪ હજાર ૪૮૨ મતની લીડ મેળવી હતી. એ સમયે અમિત શાહને ૫૬.૧૦ ટકા વોટ શેર મળ્યા હતા. નવા સીમાંકન બાદ સરખેજ વિધાનસભા બેઠકનું અસ્તિત્વ ન રહ્યું. નારણપુરા બેઠક અસ્તિત્વમાં આવતાં અમિત શાહે ૨૦૧૨માં આ બેઠક પરથી ચૂંટણી લડી હતી, જેમાં તેમને ૧ લાખ ૩ હજાર ૯૮૮ મત મળ્યા હતા. આ ચૂંટણીમાં તેમણે ૬૯.૧૯ ટકા વોટ શેર સાથે ૬૩ હજાર ૩૩૫ મતની લીડથી વિજય મેળવ્યો હતો. ૨૦૧૨ની આ ચૂંટણી અમિત શાહની વિધાનસભાની છેલ્લી ચૂંટણી હતી.

# મોદી સરકાર 'N' ફેક્ટરના સહારે

**BJPના નેતૃત્વમાં NDA ૨૯૫ બેઠકો સાથે ત્રીજી વખત સરકાર બનાવવાનું વિચારી રહી છે, ૨૦૧૪ અને ૨૦૧૯ના ચૂંટણી પરિણામોથી વિપરીત આ વખતે ભાજપ બહુમત માટે જરૂરી જાદુઈ આંકડાથી ઓછો પડતો જણાય છે**



ભારત હેડલાઈન, તા.૪

લોકસભા ચૂંટણી બાદ હવે આજે સવારે ૮ વાગ્યાથી મતગણતરી ચાલી રહી છે. BJPના નેતૃત્વમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ૨૯૫ બેઠકો સાથે ત્રીજી વખત સરકાર બનાવવાનું વિચારી રહી છે. ૨૦૧૪ અને ૨૦૧૯ના ચૂંટણી પરિણામોથી વિપરીત આ વખતે ભાજપ બહુમત માટે જરૂરી જાદુઈ આંકડાથી ઓછો પડતો જણાય છે. N ફેક્ટરથી શરૂ થયેલી આ ચૂંટણીના પરિણામોએ પણ N ફેક્ટર આપ્યું છે.

આ ચૂંટણી સાથે શરૂઆતથી જ એક N પરિબળ જોડાયેલું હતું. આઝાદી પછી પંડિત જવાહરલાલ નેહરુ સિવાય કોઈપણ વડા પ્રધાન સતત ત્રીજી વખત સરકાર બનાવવામાં સફળ થયા નથી. પીએમ મોદી પાસે આ ચૂંટણીઓમાં સતત ત્રીજી વખત સરકાર બનાવીને પંડિત નેહરુના રેકોર્ડની બરોબરી કરવાનો મોકો હતો. જ્યારે લોકસભા ચૂંટણીના પરિણામો આવવા લાગ્યા ત્યારે આ પરિણામોએ પણ N ફેક્ટર આપ્યું - નમો, નીતીશ અને નાયડુ. નમો એટલે કે નરેન્દ્ર મોદીના ચહેરા સાથે ચૂંટણી મેદાનમાં ઉતરેલી NDAને સરકાર બનાવવાનો જનાદેશ મળી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરના વલણોમાં NDAને ૨૯૬ બેઠકો મળતી દેખાઈ રહી છે પરંતુ ભારતીય જનતા પાર્ટી (BJP) સતત ત્રીજી વખત બહુમતી સાથે મોદી સરકાર બનાવવાની તક ગુમાવી રહી છે.

હવે નેહરુને એક N સાથે સરખાવીને સતત ત્રીજી વખત સરકાર બનાવવા માટે PM મોદીએ અન્ય બે N-નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુના પક્ષોના વલણ પર આધાર રાખવો પડશે. નીતિશ અને નાયડુના વલણના આધારે સરકારે નિર્ણય લેવો પડશે. નીતિશની આગેવાની હેઠળના જનતા દળ (યુનાઈટેડ)ને ૧૪ બેઠકો અને નાયડુની તેલુગુ દેશમ પાર્ટી (TDP)ને ૧૬ બેઠકો મળતી જોવા મળી રહી છે. આ બંને પક્ષો ગઉઅમાં પણ છે. હવે જો NDAને મળેલી ૨૯૫માંથી આ બંને પક્ષોને મળી રહેલી ૩૦ બેઠકો બાદ કરીએ તો સત્તાધારી ગઠબંધનની સંખ્યા ૨૬૫ બેઠકો પર આવે છે, જે બહુમતી માટે જરૂરી ૨૭૨ના જાદુઈ આંકડા કરતાં સાત ઓછી છે. નરેન્દ્ર મોદીનો ત્રીજો દાવ નીતીશ કુમાર અને નાયડુના વલણ પર નિર્ભર રહેશે. સ્થિતિની તાકીદને સમજીને સત્તાધારી NDAની સાથે વિપક્ષી INDIA ગઠબંધન પણ સક્રિય મોડમાં છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે TDP વડા ચંદ્રબાબુ નાયડુ સાથે વાત કરી છે. બિહાર BJP અધ્યક્ષ અને પોતાની સરકારમાં ડેપ્યુટી CM સમ્રાટ ચૌધરી બિહારના CM નીતિશ કુમારને મળવા CM હાઉસ પહોંચ્યા હતા. જો કે એવા અહેવાલો છે કે, સમ્રાટ ચૌધરી નીતિશ કુમારને મળી શક્યા નથી. નીતિશે એક દિવસ પહેલા જ દિલ્હીમાં PM મોદી સાથે મુલાકાત કરી હતી. હવે નીતીશ સમ્રાટ ચૌધરીને મળી શક્યા ન હોવાથી અટકળોનું બજાર ગરમ થઈ ગયું છે. અટકળો વચ્ચે RJDએ દાવો કર્યો છે કે, નીતિશ કુમારે કહ્યું છે કે તેઓ બદલાની રાજનીતિના પક્ષમાં નથી અને તેઓ કોઈપણ મોટો નિર્ણય લઈ શકે છે. જોકે JDUના મહાસચિવ અને પ્રવક્તા કેસી ત્યાગીએ કહ્યું છે કે, અમે NDAમાં છીએ અને NDAમાં જ રહીશું.

# વિધાનસભાની પાંચેય પેટા ચૂંટણીમાં ભગવો લહેરાયો

ભારત હેડલાઈન, તા.૪

ગુજરાત રાજ્યની પાંચ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ખંભાત, વાઘોડીયા, પોરબંદર, માણાવદર અને વિજાપુર બેઠક પરથી ભાજપના ઉમેદવારોની જીત થઈ હતી. પોરબંદર બેઠક પર ૧૮ રાઉન્ડમાં મત ગણતરી યોજાઈ હતી. જેમાં અર્જુનભાઈ મોઢવાડિયાને ૧,૩૩,૧૬૩ મત મળ્યા હતાં. જેની સામે વિપક્ષના કોંગ્રેસના ઉમેદવાર રાજુ ઓડેદરાને ૧૬,૩૫૫ મત મળ્યા હતાં. ત્રીજા ક્રમાંકે નોટા બટનને ૨૬૩૩ મત મળ્યા હતાં.







ખંભાત બેઠક પર ૧૭ રાઉન્ડમાં મતગણતરી યોજાઈ હતી. ૧૭ રાઉન્ડના અંતે ભાજપના ઉમેદવાર ચિરાગ પટેલને ૮૭૭૦૭ મત મળ્યા હતાં અને કોંગ્રેસના ઉમેદવારને ૪૯,૫૦૫ મત મળ્યા હતાં. ભાજપના ઉમેદવાર ચિરાગ પટેલનો ૩૮૨૦૨ મતથી વિજય થયો હતો.

વિજાપુર બેઠક પર ૧૮ રાઉન્ડમાં મત ગણતરી યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર ડો.સી.જે.ચાવડાને ૯૯૦૮૩ મત મળ્યા હતાં અને કોંગ્રેસનાં ઉમેદવાર દિનેશ પટેલને ૪૩૩૯૩ મત મળ્યા હતાં. ભાજપના ઉમેદવાર ડો.સી.જે.ચાવડાનો ૫૫૬૯૦ મતથી વિજય થયો હતો.

માણાવદર બેઠક પર ૨૦ રાઉન્ડમાં મતગણતરી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ધારાસભ્ય અરવિંદ લાડાણીને ૮૨૦૧૭ મત મળ્યા હતાં અને કોંગ્રેસમાંથી ઉમેદવાર હરિભાઈ પટેલ (કણસાગરા)૫૧૦૦૧ મત મળ્યા હતાં. મત ગણતરીના અંતે ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ લાડાણીનો ૩૧૦૧૬ મતથી વિજય થયો હતો.

વાઘોડીયા બેઠક પર ૨૦ રાઉન્ડમાં મત ગણતરી યોજાઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાને ૧૧૬૪૫૮ મત મળ્યા હતાં. અને કોંગ્રેસના ઉમેદવાર કનુભાઈ ગોહિલને ૩૯૭૦૫ મત મળ્યા હતાં.

# ક્ષત્રિય આંદોલનના એપી સેન્ટર રાજકોટમાં ભાજપને પૂરા સૌરાષ્ટ્રની સૌથી મોટી લીડ મળી

## ■ પ્રથમ રાઉન્ડથી કમળ ખીલતું દેખાયું: કોંગ્રેસને કોઈ લાભ ન થયો


ભારત હેડલાઇન, તા.૪

રાજકોટ લોકસભા બેઠક ઉપર ભાજપના પરસોતમભાઈ રૂપાલાએ વટભેર વિજય હાંસલ કર્યો છે. ભાજપના ગઢ ગણાતી આ બેઠક પર કમળ સોળેકળાએ ખીલી ઉઠયું છે. જેના પગલે ભાજપની છાવણી ગેલમાં આવી જવા પામી છે.આ વખતે ક્ષત્રિય આંદોલનનું ફેકટર રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં મહત્વપૂર્ણ રીતે ભાગ ભજવતા ગુજરાત સહિત દેશભરના રાજકીય પંડીતોની નજર આ બેઠક પર મંડાયેલી રહી હતી. જોકે ભાજપના પરસોતમભાઈ રૂપાલાએ તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી સામે ૪.૫૦ લાખથી વધુ મતોની લીડથી વિજય વાવટો ફરકાવી દીધો છે.

રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી આજે સવારના ૮ વાગ્યાથી કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે ઓબ્ઝર્વર અને રાજકીય પક્ષોના ઉમેદવારો અને પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થવા પામ્યો હતો. મતગણતરીનો પ્રારંભ થતાની સાથે આ બેઠકના પરિણામ અંગે લોકોમાં ભારે ઉત્સુકતા ફરી વળી હતી. જોકે મતગણતરીને પ્રથમ રાઉન્ડથી ભાજપના પરસોતમ રૂપાલાએ તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના પરેશ ધાનાણી સામે લીડ મેળવવાનું ચાલુ રાખ્યું હતું. મતગણતરીના પ્રથમ રાઉન્ડમાં ભાજપના રૂપાલાએ તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના પરેશ ધાનાણી સામે ૨૫૬૭૨ મતોની લીડ મેળવી હતી. આ રાઉન્ડમાં રૂપાલાને ૪૨૧૩૪ અને ધાનાણીને ૧૬૪૬૨ મતો મળ્યા હતા.જયારે બીજા રાઉન્ડમાં પરસોતમ રૂપાલાએ ૮૬૩૩૦ અને પરેશ ધાનાણીએ ૩૨૧૫૮ મતો મેળવતા રૂપાલાની લીડ વધીને ૫૪૧૭૨ મતની થવા પામી હતી. જયારે ત્રીજા રાઉન્ડના અંતે રૂપાલાએ ૧૨૯૪૦૪ અને પરેશ ધાનાણીએ ૪૮૨૭૮ મતો મેળવ્યા હતા. રૂપાલાની લીડનો આંકડો ૮૧૧૨૬ થવા પામ્યો હતો. ચોથા રાઉન્ડમાં રૂપાલાને ૧૬૮૮૯૨ અને ધાનાણીને ૬૯૨૫૨ મતો મળતા રૂપાલાને લીડ ૯૯૬૪૦ થવા પામી હતી. પાંચમાં રાઉન્ડમાં રૂપાલાને ૨૧૮૫૪૮ અને ધાનાણીને ૮૫૫૧૬ મત મળતા રૂપાલાની લીડ ૧૩૩૦૩૨ થવા પામી હતી. છઠ્ઠા રાઉન્ડમાં રૂપાલાને ૨૬૭૮૧૭ અને ધાનાણીને ૧૦૦૪૪૫ મત મળતા રૂપાલાને લીડ ૧.૫૭ લાખ મતોને પાર પહોંચી હતી. સાતમાં રાઉન્ડમાં રૂપાલાને ૩૨૦૪૭૨ અને ધાનાણીને ૧૧૫૧૧૫ મત મળતા રૂપાલાની લીડનો આંકડો ૨ લાખને પાર થયો હતો. આવી જ રીતે આઠમા રાઉન્ડમાં રૂપાલાને ૩૬૪૮૩૪ મતો મળ્યા હતા. જયારે તેમની સામે ધાનાણીને ૧૩૪૩૬૬ મત મળતા રૂપાલાની લીડ વધીને ૨.૩૦ લાખને પાર થયેલ હતી. નવામાં રાઉન્ડમાં ભાજપના રૂપાલાને ૪૦૬૪૬૨ અને કોંગ્રેસના પરેશ ધાનાણીને ૧૫૭૩૫૧ મતો મળ્યા હતા તેમજ ૧૦માં રાઉન્ડમાં રૂપાલાને ૪૪૭૨૬૭ અને પરેશ ધાનાણીને ૧૭૮૩૦૦ મતો મળતા રૂપાલાની લીડ ૨.૬૮ લાખને આંબી ગયેલ હતી. આ ઉપરાંત ૧૧માં રાઉન્ડમાં ભાજપના પરસોતમ રૂપાલાએ ૪૩૫૫૧૪ મતો અને પરેશ ધાનાણીએ ૨૦૦૧૩૧ મતો મેળવતા રૂપાલાએ ૨.૮૫ લાખ મતોની લીડ આ રાઉન્ડમાં તેઓએ મેળવી હતી. જયારે ૧૨માં રાઉન્ડના અંતે પરસોતમ રૂપાલાને ૫૨૫૦૯૫ મતો અને ધાનાણીને ૨૧૯૬૦૨ મત મળતા ૩૦૫૪૯૩ મતોની લીડ મળી હતી. તેમજ ૧૩માં રાઉન્ડના અંતે રૂપાલાએ ૫૬૫૮૦૪ મતો મેળવ્યા હતા જયારે પરેશ ધાનાણીને ૨૩૮૮૪૧ મતો મળતા આ રાઉન્ડમાં રૂપાલાને ધાનાણી સામે વધીને ૩.૨૬ લાખ મતોને પાર થયેલ હતી.જયારે ૧૪માં રાઉન્ડના અંતે ભાજપના પરસોતમ રૂપાલાને ૬૧૨૦૧૮ મત અને કોંગ્રેસના પરેશ ધાનાણીને ૨૫૨૬૭૪ મત મળતા રૂપાલાએ કોંગ્રેસના ઉમેદવાર સામે ૩૫૯૩૧૪ મતોની લીડ મેળવી હતી. આ ઉપરાંત ૧૫માં રાઉન્ડમાં પરસોતમ રૂપાલાને ૬૪૮૦૬૭ મતો અને પરેશ ધાનાણીને ૨૭૦૨૫૫ મત મળતા આ રાઉન્ડમાં રૂપાલાએ ૩.૭૭ લાખ મતની સરસાઈ તેમના પ્રતિસ્પર્ધી ઉમેદવાર સામે મેળવી હતી. જયારે ૧૬માં રાઉન્ડમાં રૂપાલાને ૬૮૨૦૫૦ મત અને ધાનાણીને ૨૮૭૭૫૭ મત મળ્યા હતા.

**રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના પરસોતમ રૂપાલાનો દબદબો**

**૪.૫૦ લાખથી વધુ મતોની લીડથી વિજય**



# મ્યુ. કમિશનર જ ગેમઝોનની મંજુરી આપી શકશે

## ■ એન્ટ્રી–એકઝિટના આકરા નિયમો; તુરંતમાં સુધારાનો અમલ


ભારત હેડલાઇન, તા.૪

રાજયભરમાં આવેલા તમામ ગેમઝોન અને રિક્રિએશન સેન્ટરોને ટૂંક સમયમાં સ્પે.કેટેગરી હેઠળ મુકવામાં આવશે.આ માટે રાજય સરકારે તમામ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ પાસેથી સુચનો મંગાવ્યા હતા.જેમાં મોટાભાગની મહાનગરપાલિકાએ તેમના સુચનો મોકલી આપ્યા છે.જેમાં આવવા અને જવાના માર્ગો અલગ રાખવા તથા ગેમ મુજબ બિલ્ડીંગની હાઈટ નકકી કરવા અને હવાઉજાસ માટે મોટા વેન્ટીલેશન મુકવા અંગેના સુધારા નવા જીડીસીઆરમાં મુકાય તેવી શકયતા વ્યકત કરાઈ રહી છે.

રાજકોટના અગ્નિકાંડ બાદ રાજય સરકાર જીડીસીઆરમાં સુધારો લાવશે અને ટુંક સમયમાં જ તે અંગેની જાહેરાત કરવામાં આવશે.રાજય સરકારના એક સીનીયર ઓફીસરે કહ્યું હતું કે ગેમઝોન અને રિક્રીએશન સેન્ટરો માટે મંજુરી લેવી ફરજીયાત બનાવવામાં આવશે. ૨૦૧૪ માં અમલમાં આવેલા જીડીસીઆરમાં આવા તમામ સેન્ટરોને સ્પેશ્યલ રિક્રીએશન ઝોન તરીકે આવરી લેવામાં આવશે. હાલમાં તમામ મોટા શહેરોમાં આવેલા મોલમાં બિલાડીના ટોપની જેમ આવા સેન્ટરો ફૂટી નીકળ્યા છે અને હાલના કાયદા અનુસાર આવા મોલમાં શરૂ થયેલા ગેમઝોન અને રિક્રીએશન સેન્ટરો માટે અલગથી મંજુરી લેવી જરૂરી નથી. રાજય સરકારે આ અંગે ઘટનાના બીજા જ દિવસે જ તમામ મહાનગર પાલીકાઓનાં ટાઉન પ્લાનીંગ વિભાગને એક પત્ર લખી ગેમઝોન અંગે જીડીસીઆરમાં શુ સુધારા કરી શકાય તે અંગેનાં સુચનો મંગાવ્યા હતા. જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર જામનગર પાલીકાઓએ તેમના સુચનો ૪૮ કલાકમાં રાજયના શહેરી વિકાસ વિભાગને મોકલી આપ્યા હતા.જે સુચના કરાયા છે તેમાંથી ગેમઝોન અને રિક્રીએશન સેન્ટરમાં આવવા તથા જવાના દરવાજાઓ ડબલ હાઈટમાં રાખવાની ભલામણ કરાઈ છે.

# પરિણામને લઇ PM કર્યું ટ્વિટ, 'જનતાએ ત્રીજી વખત NDAમાં વ્યક્ત કર્યો વિશ્વાસ'

- અમે નવી ઉર્જા સાથે આગળ વધીશું: PM મોદી
- PM મોદીએ ભાજપની શાનદાર જીત માટે લોકોનો આભાર માન્યો


Narendra Modi
@narendramodi

People have placed their faith in NDA, for a third consecutive time! This is a historical feat in India's history.

I bow to the Janata Janardan for this affection and assure them that we will continue the good work done in the last decade to keep fulfilling the aspirations of people.

I also salute all our Karyakartas for their hard work. Words will never do justice to their exceptional efforts.

ભારત હેડલાઇન, તા.૪

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મોટી વાત કહી છે. PM મોદીએ કહ્યું કે, જનતાએ ત્રીજી વખત એનડીએમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, અમે નવી ઉર્જા, ઉત્સાહ અને સંકલ્પ સાથે આગળ વધીશું.

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે જનતાએ ત્રીજી વખત એનડીએમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, અમે નવી ઉર્જા, ઉત્સાહ અને સંકલ્પ સાથે આગળ વધીશું. વડાપ્રધાને કહ્યું કે ભારતના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ ક્ષણ છે. આ પ્રેમ અને આશીર્વાદ માટે હું મારા પરિવારને નમન કરું છું. હું દેશવાસીઓને ખાતરી આપું છું કે અમે તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે નવી ઉર્જા, નવા ઉત્સાહ અને નવા સંકલ્પો સાથે આગળ વધીશું. હું હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું અને તમામ કાર્યકરોને તેઓએ કરેલા સમર્પણ અને અથાક કાર્ય માટે અભિનંદન પાઠવું છું.


PM મોદીએ ભાજપની શાનદાર જીત માટે ઓડિશાના લોકોનો પણ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે સુશાસન અને ઓડિશાની અનન્ય સંસ્કૃતિની ઉજવણી કરવા માટે આ એક મોટી જીત છે. લોકોનાં સપનાં પૂરાં કરવા અને ઓડિશાને પ્રગતિની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે ભાજપ કોઈ કસર છોડશે નહીં. મને અમારા તમામ મહેનતુ પાર્ટી કાર્યકર્તાઓ પર તેમના પ્રયાસો માટે ખૂબ ગર્વ છે

# મેક્સિકોના ઈતિહાસમાં પહેલીવાર પ્રમુખ પદે એક મહિલા ક્લોડીયા ચૂંટાઈ આવ્યા



ભારત હેડલાઇન, તા.૪

મેકિસકોની પ્રમુખ પદની ચૂંટણીમાં કલોડીયા શીનબૌમ રવિવારે યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં ભારે બહુમતીથી વિજયી થયા છે. તેઓના મુખ્ય પ્રતિસપર્ધી પણ એક મહિલા ક્ષોચિત્બ ગાલ્વેઝને ભારે બહુમતીથી પરાસ્ત કર્યા હતાં. ૬૧ વર્ષનાં આ કલાઈમેટ સાયન્ટિસ્ટ અને પૂર્વ સાંસદ શીન બૌમને મતગણતરી પૂરી થવા આવી ત્યારે ૫૮.૮ ટકાથી ૬૦.૭ ટકા જેટલા મત મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. જયારે તેઓના મુખ્ય પ્રતિસ્પર્ધી પણ એક મહિલા ક્ષોચિત્બ ગેલ્વેઝને માત્ર ૨૬.૬ થી ૨૮.૬ ટકા જ મત મળ્યા હતા.



# માલદીવને બદલે પ્રવાસ માટે લક્ષદ્વિપ જાઓ: ઈઝરાયેલનું નાગરીકોને સૂચન

ભારત હેડલાઇન, તા.૪

ઈઝરાયેલે માલદીવને આકરો જવાબ આપ્યો છે. માલદીવની સરકાર તરફથી હિન્દ મહાસાગર ટાપુઓમાં ઈઝરાયેલનાં પ્રવાસીઓ પર પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી ત્યારપછી ભારત સ્થિત ઈઝરાયેલના દુતાવાસે સોમવારે પોતાના નાગરીકોને કહ્યું એ માલદીવ ફરવા જવાના બદલે ભારતના દરિયા કિનારાઓ તરફ જવુ.હકીકતમાં માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજજુએ ઈઝરાયેલ પાસપોર્ટવાળાઓને પોતાના દેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ લગાવવાનો સંકલ્પ લીધો છે. જોકે માલદીવની સરકારે એ નથી જણાવ્યું કે આ પ્રતિબંધ કયારથી લાગુ થશે. ઈઝરાયેલના દુતાવાસે એક પોસ્ટમાં કહ્યું કે માલદીવ હવે ઈઝરાયેલીઓનું સ્વાગત કરી રહ્યું નથી. અહીયા કેટલાક ખૂબસૂરત અને અદ્ભુત ભારતીય સમુદ્ર તટ છે. જયાં ઈઝરાયેલનાં પ્રવાસીઓનું ફકત ઉષ્માસભર સ્વાગત થતુ નથી. પરંતુ તેમનો અત્યંત અતિથિ સત્કાર કરવામાં આવે છે.આપણા ડીપ્લોમેટ દ્વારા મુલાકાત લીધેલ સ્થળોનાં આધાર પર આ સુઝાવ (ભારતમાં ઈઝરાયેલી દુતાવાસ)થી પર વિચાર કરવો.

# નાસિકમાં ભારતીય વાયુસેનાનું સુખોઈ ફાઈટર જેટ ક્રેશ, બંને પાયલટ સુરક્ષિત



ભારત હેડલાઇન, તા.૪

ભારતીય વાયુસેનાનું એક સુખોઈ ફાઈટર પ્લેન મંગળવારે ક્રેશ થયું હતું. આ ઘટના મહારાષ્ટ્રના નાસિકમાં બની છે. પ્લેન શિરગાંવ ગામ પાસે એક ખેતરમાં ક્રેશ થયું હતું. પ્લેન ક્રેશની ઘટનાને લઈને નાસિક રેન્જના સ્પેશિયલ ઈન્સ્પેક્ટર જનરલ ડી આર કરાલેએ જણાવ્યું કે, સુખોઈ Su-30 MKI એરક્રાફ્ટના પાઈલટ અને કો-પાઈલટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા છે અધિકારીએ જણાવ્યું કે, વિમાન વિંગ કમાન્ડર બોકિલ અને તેમના સેકન્ડ ઈન કમાન્ડ બિસ્વાસ દ્વારા ઉડાડવામાં આવી રહ્યું હતું. અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યુ કે, ક્રેશ થયા બાદ પ્લેનમાં આગ લાગી હતી, જેને કાબુમાં કરી લેવામાં આવી છે. બંને પાઇલટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા અને તેમને સામાન્ય ઇજાઓ થઇ હતી તેથી તેમને HAL હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભારતીય વાયુસેના, HAL સિક્યુરિટી અને HAL ટેકનિકલ યુનિટની ટીમોએ સ્થળની મુલાકાત લીધી હતી.રશિયન સુખોઈ Su-30 MKI ભારતીય વાયુસેનાનું સૌથી શક્તિશાળી વિમાન માનવામાં આવે છે. ભારતીય વાયુસેના પાસે ૨૭૨ સક્રિય Sukhoi Su-30 MKI છે, આ એરક્રાફ્ટમાં બે એન્જિન અને બે પાઈલટ માટે બેઠક છે. આમાંના કેટલાક એરક્રાફ્ટને સુપરસોનિક મિસાઈલ બ્રહ્મોસ લોન્ચ કરવા માટે અપગ્રેડ પણ કરવામાં આવ્યા છે.



# ઈસ્લામિક દેશ સાઉદી અરેબિયામાં ૮ હજાર વર્ષ જૂનું મંદિર મળ્યું

ભારત હેડલાઇન, તા.૪

ઈસ્લામિક દેશ હોવા છતાં સાઉદી અરેબિયામાં આઠ હજાર વર્ષ જૂનું મંદિર આવેલું છે. આ મંદિરમાં કહલ દેવતાની પૂજા કરવામાં આવી હતી. સાઉદી સરકારે ૨૦૨૨માં જ આ મંદિરની શોધની જાહેરાત કરી હતી. તે રાજધાની રિયાધના દક્ષિણપશ્ચિમમાં એક પુરાતત્વીય સ્થળ અલ ફામાં મળી આવ્યું હતું. અહીં સાઉદી પુરાતત્વ વિભાગને મંદિરના અવશેષો મળ્યા છે. આ મંદિર પથ્થરનું બનેલું છે. ત્યાં વેદીના કેટલાક અવશેષો પણ મળી આવ્યા છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અલ ફાઆ વિસ્તારના લોકો પૂજા અને ધાર્મિક વિધિઓ કરતા હતા. પુરાતત્વ વિભાગે કહ્યું કે આ પુરાતત્વીય સ્થાન નવ પાષાણ કાળનું છે. અહીં એક પથ્થરની વેદી અને વિવિધ સમયગાળાની ૨૮૦૭ કબરો પણ છે. મંદિરનું નિર્માણ શિલાને કાપીને કરવામાં આવ્યું છે. આ મંદિર અલ ફા વિસ્તાર નજીક તુવૈક પર્વતની ધાર પર બનાવવામાં આવ્યું હતું. તેને ખાશેમ કારિયા તરીકે પણ ઓળખવામાં આવે છે.

# ફૂડ શાખા દ્વારા ૩૮ ધંધાર્થિઓને ત્યા ચેકિંગ

## ● દસ ડેરી ફાર્મમાંથી કેરીનો રસ અને જયુસનાં નમૂના લેવાયા

ભારત હેડલાઇન, તા.૪

ઉનાળાની સિઝનને અનુલક્ષીને આજરોજ મહાપાલિકાની ફૂડ શાખાએ જુદા-જુદા વિસ્તારોમાં આવેલી ડેરી ફાર્મ માંથી કેરીનાં રસનાં ૧૦ નમૂના લેવાયા હતાં.

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના હેમુ ગઢવી હોલ પાછળ હોકર્સ ઝોન તથા લક્ષ્મીનગરના પુલ થી રાજનગર ચોક, મોરબી રોડ- હોકર્સ ઝોન તથા જૂના જકાતનાકા સામેના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૩૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૮ ધંધાર્થિઓને લાઇસન્સ





બાબતે સૂચના આપવામાં આવેલ.

તેમજ ખાદ્ય ચીજોના કુલ ૩૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ હતી. તથા ભગવતી ચાઈનીઝ પંજાબી, ખોડિયાર ચાઈનીઝ પંજાબી,કટક બટક પૂરી શાક, જય ભવાની ઢોસા, કરીમ'સ એગ્ઝ સેન્ટર , ચામુંડા સ્ટીમ ઢોકળા, મોમાઈ ફરસાણ, કુળદેવી ચાઈનીઝ પંજાબી, જય ભગીરથ કચ્છી દાબેલી, ભોલેનાથ પાણીપૂરી , શિવ દાળપકવાન , બોમ્બે વડાપાઉં, દિલખુશ પાણીપુરી, મહાકાળી પાણીપુરી, જય અંબે પૂરીશાક,અભી ફાસ્ટફૂડ, ગણેશ વડાપાઉં ,મહાદેવ ફરસાણ, -લાઇસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ. જેમા મેંગો જ્યુસ (લુઝ):ન્યુ પટેલ ડેરી ફાર્મ, ક્રીસ્ટલ સિટી એપાર્ટમેન્ટ, ડિ-માર્ટ પાસે, કુવાડવા રોડ મેંગો મિલ્ક શેક (લુઝ): જય ભોલે રસ (ભંડાર) કુવાડવા રોડ, મેંગો જ્યુસ (લુઝ):જય ભોલે રસ (ભંડાર) કુવાડવા રોડ,મેંગો મિલ્ક શેક (લુઝ): નવરંગ ડેરી ફાર્મ, હૂડકો, કોઠારીયા રોડ, મેંગો મિલ્ક શેક (લુઝ): નવરંગ ડેરી ફાર્મ, શક્તિ કૃપા, હરિધવા રોડ, મેંગો મિલ્ક શેક (લુઝ): ન્યુ વૃંદાવન ડેરી ફાર્મ, વિરાટનગર મેઈન રોડ, મેંગો મિલ્ક શેક (લુઝ): આકાશ કેટરર્સ પ્રા. લી., પિપળીયા હોલ મેઈન રોડ, મેંગો મિલ્ક શેક (લુઝ): ખોડિયાર પ્રોવિઝન સ્ટોર, ગોવિંદનગર કોર્નર, કોઠારીયા મેઈન રોડ, મેંગો મિલ્ક શેક (લુઝ): બાપાસીતારામ ડેરી, હરિધવા મેઈન રોડ, મેંગો મિલ્ક શેક (લુઝ): કનૈયા ડેરી ફાર્મ, કોઠારીયા રોડ ઉપરથી સેમ્પલો લેવાયા હતા.

# શહેરમાં સીલ કરાયેલી શાળાના સંચાલકોની મનપામાં દોડાદોડી




ભારત હેડલાઇન, તા.૪

રાજકોટમાં ફાયર એનઓસી વગરની મિલ્કતો સીલ કરવા ચાલતી ઝુંબેશ વચ્ચે શાળાઓ ખુલવાનો સમય આવી ગયો છે. આ સંજોગોમાં સીલ મારવામાં આવેલી શાળાઓના બિલ્ડીંગ ફરી ખોલવા દેવા, આ માટેની પ્રક્રિયા કરવા અને ડોમ જેવા વધારાના બાંધકામ જાતે તોડવા માટે શાળા સંચાલકો કોર્પોરેશનમાં દોડાદોડી કરવા લાગ્યા છે. હજુ નવી કોઇ કાર્યવાહી શરૂ થઇ નથી ત્યારે સંચાલકોએ શું કરવું તે સમજાતું નથી. ફાયર શાખાના અધિકારીઓ પોલીસ તપાસના ચકકર કાપી રહ્યા છે. સ્કુલ પર ડોમ જેવું વધારાનું બાંધકામ દુર કરવું છે પણ સ્કુલને સીલ લાગેલા છે. આ સંજોગોમાં કોઇ રસ્તો શોધી આપવા આજે પણ મહાપાલિકામાં રજુઆત કરી હતી.

# ગૃહમંત્રી અમિત શાહે જીતનો શ્રેય વડાપ્રધાન મોદીને આપ્યો

## પરિણામો છે કે દેશની જનતાનો વિશ્વાસ મોદી સાથે છેઃ આ જીત મોદીજીના મેરાથન પ્રયાસની જીતઃ અમિત શાહ


Amit Shah (Modi Ka Parivar)
@AmitShah

NDA की यह विजय देश के लिए अपना जीवन खपा देने वाले नेता श्री @narendramodi जी में जन-जन के अटूट विश्वास का प्रतिबिंब है।

यह मोदी जी के विकसित भारत के विजन पर जनता-जनार्दन का विश्वासमत है। यह जन आशीर्वाद मोदी जी के बीते एक दशक के गरीब कल्याण, विरासतों के पुनरोत्थान, महिलाओं के स्वाभिमान व किसान कल्याण के कार्यों की सफलता का आशीष है।

नया भारत इस जनादेश के साथ विकास यात्रा को और गति और शक्ति देने के लिए तैयार है।

Translate post

ભારત હેડલાઇન, તા.૪

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. દેશમાં ફરી એકવાર મોદી સરકાર બનવા જઈ રહી છે. ભાજપના નેતૃત્વવાળા ગઉઅને પૂર્ણ બહુમતી મળી ગઈ છે. NDAએ ૨૮૦થી વધુ બેઠકો મેળવી લીધી છે. જ્યારે INDI ગઠબંધને પણ ૨૨૦નો આંકડો પાર કરી લીધો છે. ગઉઅની સરકાર બની રહી છે અને સ્પષ્ટ છે કે નરેન્દ્ર મોદી ફરી એકવાર દેશના વડાપ્રધાન બની રહ્યા છે. ત્યારે, આ જીતને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટ કરીને મતદારોનો આભાર માન્યો છે અને સાથે સાથે જીતનો શ્રેય વડાપ્રધાન મોદીને આપ્યો છે. અમિત શાહે ટ્વિટ કરતાં લખ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં NDAને સતત ત્રીજી વખત દેશની સેવા કરવાની તક આપવા બદલ હું દેશની તમામ જનતાને કોટિ કોટિ નમન કરું . સતત ત્રીજી જીતે સ્પષ્ટ કરે છે કે કે જનતાનો વિશ્વાસ માત્ર પીએમ મોદી પર છે. NDAની આ જીત દેશ માટે પોતાનું સમગ્ર જીવન ખપાવી દેનાર પીએમ મોદીની નરેન્દ્ર મોદીમાં લોકોની અતૂટ શ્રદ્ધાનું પ્રતિબિંબ છે. આ જન આશીર્વાદ પીએમ મોદીના છેલ્લા દાયકાના ગરીબ કલ્યાણ, વારસાના પુનરુત્થાન, મહિલાઓના સ્વાભિમાન અને ખેડૂતોના કલ્યાણના કાર્યની સફળતાના આશીર્વાદ છે. નવું ભારત આ જનાદેશ સાથે વિકાસ યાત્રાને વધુ વેગ અને તાકાત આપવા તૈયાર છે.ગૃહમંત્રીએ વધુ એક ટ્વિટ કરતાં લખ્યું છે કે, 'NDAની આ જીત પીએમ મોદીએ દેશના ગરીબો, મહિલાઓ, પછાત, વંચિતો અને યુવાનોના સપનાને સાકાર કરવા માટે છેલ્લા ૧૦ વર્ષમાં કરેલા પ્રયાસો માટે જનતાના આશીર્વાદ છે. આ જીત બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હું અભિનંદન આપું છું. આ જીત પીએમ મોદીની અવિરામ સાધનાનું પરિણામ છે, જે કોઈ પણ કિંમતે નથી અટકતી.છેલ્લા ૨૩ વર્ષના જાહેર જીવનમાં, એક પણ દિવસની રજા લીધા વિના, પોતાની ચિંતા કર્યા વગર અને માત્ર દેશ અને પોતાના દેશવાસીઓના કલ્યાણ માટે દિવસ-રાત કામ કરીને પીએમ મોદીના મેરેથોન પ્રયાસોની આ જીત છે.

# મહાનગરપાલિકાની જગ્યામાંથી સાત દિવસમાં કેબલ, બ્રોડબેન્ડ નેટવર્કનાં વાયરો દૂર કરોઃ મ્યુ.કમિશનર

- **કમિશ્નરે સંબંધિત એજન્સીઓને કડક તાકીદ કરી**




ભારત હેડલાઇન, તા.૪

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાની જગ્યામાં જુદી-જુદી એજન્સીઓ દ્વારા લગાવવામાં આવેલા કેબલનેટવર્ક, બ્રોડબેન્ડ નેટવર્ક સહિતનાં અન્ય વાયરો સપ્તાહમાં જ દુર કરી દેવા માટે મ્યુનિ.કમિશ્નર દેસાઈએ સુચના આપી છે. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ મહાનગરપાલિકાની પ્રિમાઈસીસ ઉપર લગાવેલા કેબલ નેટવર્કના વાયરો, બ્રોડબેન્ડ નેટવર્કના વાયરો, ટેલીવિઝનના વાયરો સહીત અન્ય કોઈપણ પ્રકારના વાયરો દિવસ-૭માં દુર કરવા જે-તે એજન્સીને મ્યુનિસિપલ કમિશનર દ્વારા સુચના આપવામાં આવી છે. જો જે-તે એજન્સી દ્વારા દિવસ-૭માં જાતે દુર નહી કરવામાં આવે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પ્રકારના તમામ વાયરો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાની પ્રિમાઈસીસ જેવી કે, શહેરમાં આવતા તમામ ઓવરબ્રિજ/અન્ડરબ્રિજ, પોલ, હોર્ડીંગ્સ વિગેરે જેવી પ્રિમાઈસીસમાં જે-તે કેબલ નેટવર્ક એજન્સી, ટેલિવીઝન નેટવર્ક, બ્રોડબેન્ડ નેટવર્ક એજન્સીને દિવસ-૭માં આ પ્રકારના વાયરો દુર કરી લેવા મ્યુનિસિપલ કમિશનર દ્વારા સુચના આપવામાં આવે છે. જો જે-તે એજન્સી દ્વારા દિવસ-૭માં આ પ્રકારના વાયરો દુર કરવામાં નહી આવે તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખુદ આ વાયરો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




# વૈશાલીનગરમાં આવેલ મેડીકલ સેન્ટરમાં જનરલ તપાસ કેમ્પ યોજાશે

ભારત હેડલાઇન, તા.૪

વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શિવકુંવરબેન બી.દોશી મેડીકલ સેન્ટર, જશ-પ્રેમ-ધીર સંકુલ, ૫ વૈશાલીનગર, સિટી સેન્ટર સામે, રૈયા રોડ રાજકોટ-૭ ખાતે તા.૧૦ થી તા.૧૫ સુધી જનરલ તપાસ કેમ્પમાં સવારે ૧૦ થી ૧૨ કલાકે સિનિયર ફિઝિશ્યન ડો.સી.વી.અજમેરા અને સાંજે ૪ થી ૬ કલાકે એમ.ડી.ફિઝિશ્યન ડો.વંદન કાનાબાર માત્ર રૂ૧૦માં તપાસ કરી આપશે. કેમ્પ માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. એપોઈન્ટમેન્ટ માટે મો. ૯૬૬૪૫ ૮૦૫૯ નંબર છે. આ ઉપરાંત મેડીકલ સેન્ટરમાં એડવાન્સ લેબોરેટરી, એકસ-રે, સોનાગ્રાફી, વિમીટિંગ અનુભવી કન્સલ્ટન્ટ ઉપલબ્ધ છે. સુઘડ અને સ્વચ્છ અને રાહતદરે ચાલતા મેડીકલ સેન્ટરની મુલાકાત અચુક લેવાનું ભૂલશો નહી.

# વિદ્યાનગર રોડ પરની ગોકુલ હોસ્પિટલમાં વર્ષોથી ધમધમતું પાર્કિંગ અને ત્રીજો માળ સીલ કરાયો

- **ગોકુલ હોસ્પિટલે પોતાની પાસે ફાયર NOC તેમજ BU પરમિશન હોવાનો દાવો કર્યો**




ભારત હેડલાઇન, તા.૪

રાજકોટમાં ગેમ ઝોન અગ્નિકાંડ બાદ મનપા દ્વારા ફાયર NOC અને BU પરમિશનને લઈને શહેરમાં સતત તપાસ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે મનપાની ટીમ વિદ્યાનગર રોડ ખાતેની ગોકુલ હોસ્પિટલમાં પહોંચી હતી અને તપાસ કરતા હોસ્પિટલનાં પાર્કિંગ અને ત્રીજા માળે હેતુફેર બાંધકામ હોવાનું જણાયું હતું. જેને લઈને તરત જ વર્ષોથી ધમધમતી આ હોસ્પિટલનો ત્રીજો માળ અને સેલરનું પાર્કિંગ સીલ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ મનપાની ટીમો દ્વારા વિદ્યાનગર રોડ પર આવેલી ગોકુલ હોસ્પિટલમાં ફાયર NOC અને BU પરમિશન મુદ્દે તપાસ કરવામાં આવી હતી. જેમાં હોસ્પિટલના સંચાલકો દ્વારા ફાયર NOC અને BU પરમિશન રજૂ કરવામાં આવી હતી.

જો કે, હોસ્પિટલના સેલરમાં આવેલું પાર્કિંગ અને ત્રીજા માળે હેતુફેરનું બાંધકામ હોવાનું જણાઈ આવતા મનપા દ્વારા ત્રીજા માળે આવેલા બે રૂમ તેમજ સામેની તરફ આવેલા સેલરના પાર્કિંગને સીલ કરી દેવામાં આવ્યું હોવાનું ફરજ પર હાજર અધિકારીએ જણાવ્યું હતું.

આ અંગે ગોકુલ હોસ્પિટલના માર્કેટિંગ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ ઉર્વેશ વૈષ્ણવે જણાવ્યું હતું કે, મનપાની ટીમો દ્વારા તપાસ કરવામાં આવી હતી. તેમજ સેલરમાં આવેલ પાર્કિંગ અને ત્રીજા માળે સીલ મારવામાં આવ્યું હતું.

જો કે, શા માટે સીલ મારવામાં આવ્યું તેનું ચોક્કસ કારણ મને ખ્યાલ નથી. મને કારણ ખબર પડે પછી હું આ અંગે આગળની કાર્યવાહી કરી શકું.

હવે અમે તંત્રને પુછીશું કે આ સીલ શા માટે કરવામાં આવ્યું છે. તેમજ તેના માટે જે કોઈ જરૂરી ફેરફારો હશે તે કરવામાં આવશે. આ તકે પોતાની પાસે ફાયર NOC તેમજ BU પરમિશન હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭

Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# સૌરાષ્ટ્ર-કચ્છની આઠ બેઠક પર ફરી ભગવો લહેરાયો

## રાજકોટમાં રૂપાલાની વિક્રમી જીત : જામનગરમાં પુનમબેન અને જુનાગઢમાં રાજેશભાઇ ચુડાસમા પ્રારંભે પાછળ રહ્યા બાદ સડસડાટ નીકળી ગયા

**સૌરાષ્ટ્રના તમામ આઠેય સાંસદોની એક લાખથી લઇને સાડા ચાર લાખ સુધીના મતોથી થઇ જીતઃ અલગ અલગ સમાજનો આક્રોશ, ભાજપમાં આંતરિક ખેંચતાણ અને કોંગ્રેસ-આમ આદમી પાર્ટીના સંયુકત પ્રયાસની કોઇ અસર ન રહી**




### ● પોરબંદરમાં માંડવીયાનો વજનદાર વિજય : સુરેન્દ્રનગર, જૂનાગઢ, અમરેલીમાં કમળ-કમળ

ભારત હેડલાઇન, તા.૪

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીની મત ગણતરી દરમ્યાન આજે સવારે ઉથલપાથલ વચ્ચે ફરી તમામ આઠ બેઠક પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો છે. સવારે જુનાગઢ, જામનગર જેવી બેઠક પર પ્રારંભે કોંગ્રેસને સામાન્ય લીડ બાદ આ બેઠક પણ ભાજપે અંકે કરી લીધી છે. આ સાથે તમામ બેઠક પર ભાજપનો કબ્જો યથાવત છે. રાજકોટ લોકસભા બેઠક પર કેન્દ્રીય મંત્રી પરસોતમભાઇ રૂપાલા કોંગ્રેસના પરેશ ધાનાણી કરતા સાડા ચાર લાખ મતની લીડથી વિજેતા બની ગયા છે. આજે સવારે સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને જામનગરમાં કોંગ્રેસના ઉમેદવારો થોડા આગળ હતા પરંતુ બાદમાં આ બંને સહિત તમામ આઠ બેઠક પર ભાજપના ઉમેદવારો આગળ નીકળતા સૌરાષ્ટ્રમાં ભાજપનો ગઢ અકબંધ રહ્યો છે. રાજકોટ લોકસભાની બેઠક પર સવારથી પરસોતમભાઇ રૂપાલા આગળ રહ્યા હતા.પોરબંદર લોકસભાની બેઠક પર કેન્દ્રીય મંત્રી મનસુખભાઇ માંડવીયા પણ મોટી લીડ સાથે તમામ રાઉન્ડમાં આગળ રહ્યા હતા.જામનગરમાં પ્રારંભે થોડા પાછળ રહ્યા બાદ ભાજપના પુનમબેન માડમને બપોરે જ ૧.૪૪ લાખ અને કોંગ્રેસના જે.પી.મારવીયાને ૧.૦૪ લાખ મત મળતા ૪૦,૧૮૫ની લીડ સવારે હતી. જે બાદમાં તોતીંગ બની હતી.

## વિધાનસભા : અર્જુનભાઇ મોઢવાડીયાનો ભવ્ય વિજય

પોરબંદરની વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના અર્જુનભાઇ મોઢવાડીયાને સવારે નોંધપાત્ર લીડ બાદ તેમનો ભવ્ય વિજય થયો છે. માણાવદરમાં પણ ભાજપ પેટા ચૂંટણી જીતી ગયો છે. લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન યોજાયું હતું ત્યારે દેશના ભાજપના રાજકારણની પાઠશાળા ગણાતા સૌરાષ્ટ્રમાં આ વખતે ઘણી ઊથલપાથલ જોવા મળી હતી. લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં સૌરાષ્ટ્ર-કચ્છની ૮ બેઠક પર સરેરાશ ૫૫.૪૪ મતદાન થયું હતું. આટલું ઓછું મતદાન થવા પાછળ અસહ્ય ગરમીએ પણ ભાગ ભજવ્યો હતો.આજે મત ગણતરી બાદ ભાજપ હેટ્રીકમાંથી એક બેઠક સાથે ચૂકી ગયું છે. લોકસભાની ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં સતત સૌરાષ્ટ્ર-કચ્છની આઠેય બેઠક પર ભગવો લહેરાયો હતો. આ વખતે ક્યાંકને ક્યાંક રાજકીય ઉથલપાથલો ભાજપને કેટલી અસર કરશે તેની ચર્ચા બપોર સુધી હતી પરંતુ અંતે સૌરાષ્ટ્ર-કચ્છમાં ભાજપના ગઢ ટકી ગયા છે.

ભાવનગરમાં ભાજપના નીમુબેન બાંભણીયાને સવારે ૯૪૪૨૪ મતની લીડ મળી ગઇ હતી. નીમુબેનને ૧૪૨૭૬૧ અને આપના ઉમેશ મકવાણાને ૪૮૩૩૭ મત મળ્યા હતા. કચ્છમાં પણ ભાજપના વિનોદભાઇ ચાવડાએ પણ મોટી જીત મેળવી લીધી છે.તેમણે કોંગ્રેસના નીતેશ લાલણને હરાવ્યા છે. જુનાગઢમાં ભાજપ માટે સવારે ચિંતા ઉભી થયા બાદ પક્ષના ઉમેદવાર રાજેશ ચુડાસમા ૨૦,૦૦૦થી વધુ લીડે આગળ નીકળી ગયા હતા. આ બાદ જુનાગઢ બેઠક પણ ભાજપે કબ્જે કરી લીધી છે.અમરેલી બેઠક પર ભાજપના ઉમેદવાર ભરતભાઇ સુતરીયા, કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર કરતા ૮૦૦૦૦ મતે આગળ નીકળી ગયા બાદ અમરેલીમાં પણ ફરી કમળ ખીલી ઉઠયું છે.

સુરેન્દ્રનગરમાં ભાજપના ઉમેદવાર ચંદુભાઇ સિહોરાને સવારે ૬૩૩૨૬ અને કોંગ્રેસના ઋત્વિક મકવાણાને ૩૬૩૬૬ મત મળતા ભાજપ ૨૭૦૦૦ મતે આગળ નીકળી ગયો હતો અને ગણતરીના અંતે મોટી લીડ મેળવી હતી.

# માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાહત દરે ચોપડા વિતરણ કરાશે

### ● કાળઝાળ ગરમી વચ્ચે નિઃશુલ્ક છાસ વિતરણનું આયોજન



ભારત હેડલાઇન, તા.૪

માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુરૂવારે સવારે ૭ થી રાહતદરે ચોપડા વિતરણ તેમજ છાસ વિતરણનું શ્યામ મંદિર રીંગ રોડ બાયપાસ કોઠારીયા ચોકડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આર્થીક રીતે પુસ્તકના માધ્યમથી મદદરૂપ થવા ૨૫૦૦૦ ચોપડાનું રાહતદરે વિતરણ કરવામાં આવશે. ચોપડા સાથે વિનામૂલ્યે બેગ આપવામાં આવશે. માધવરાયજી ટ્રસ્ટ દ્વારા દર વર્ષે રકતદાન કેમ્પ, મેડીકલ સાધનોની નિ;શુલ્ક સેવા, રાહતદરે ચોપડા વિતરણ વગેરે અન્ય સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ નિલેશભાઈ ચાવડા, ઉપ પ્રમુખ જતીનભાઈ મારૂ, મંત્રી કિશોરભાઈ ચોટલીયા, ખજાનચી હિતેશભાઈ ટાંક, સહમંત્રી સંદીપભાઈ મકવાણા, કારોબારી સભ્યો મનોજભાઈ રાઠોડ, વિજયભાઈ રાઠોડ, વિપુલભાઈ ટાંક, હિતેષભાઈ ભાલીયા, જે.કે. ચાવડા, રાકેશભાઈ પરમાર, રાકેશભાઈ ટાંક, નિખીલભાઈ ટાંક, કિશનભાઈ સોલંકી, નરેન્દ્રભાઈ જેઠવા, ધર્મેન્દ્રભાઈ રાઠોડ, નીલેશભાઈ ચોટલીયા, કમલેશભાઈ વરૂ, જીતેન્દ્રભાઈ ચાવડા, ધવલભાઈ રાઠોડ, જયભાઈ સોલંકી જહેમત ઉઠાવી રહ્યા છે.

સંગમ કરાઓકે સ્ટુડિયો રાજકોટના જયપાલ સિંહ જાડેજા પ્રસ્તુત

# ઓપન કરાઓકે સિંગિંગ કોમ્પિટિશનનો આજે ગ્રાન્ડ ફિનાલે રાઉન્ડ યોજાશે

ભારત હેડલાઇન, તા.૪

તા.૦૫ ને બુધવારનાં રોજ સંગમ કરાઓકે સ્ટુડિયો રાજકોટના જયપાલ સિંહ જાડેજા પ્રસ્તુત ઓપન કરાઓકે સિંગિંગ કોમ્પિટિશનનો ગ્રાન્ડ ફિનાલે રાઉન્ડ હેમુ ગઢવી મેઈન હોલ ખાતે રાત્રે ૮:૦૦ વાગે થવા જઈ રહ્યો છે.



## ૨૦૦થી પણ વધારે સ્પર્ધકે ભાગ લીધો હતો તેમાંથી ૨૧ સ્પર્ધક સિલેક્ટ થયાં

જેમાં ૨૦૦ થી પણ વધારે સ્પર્ધકે ભાગ લીધો હતો તેમાંથી ૨૧ સ્પર્ધક સિલેક્ટ થયાં છે. જે સ્પર્ધક વિનર થશે તેને કેસ પ્રાઈઝ તેમજ શિલ્ડ સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવશે. આ પ્રોગ્રામનું સંચાલન શ્રીમતી પ્રતિમા ચૌહાણ (દિલ્હી) કરશે અને આ પ્રોગ્રામને સફળ બનાવવામાં એ.જે. ત્રિવેદી તેમજ ભરતભાઈ શુકલ જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ સંગમ સ્ટુડિયોનાં આયોજક જયપાલસિંહ જાડેજા તથા પ્રતિમા ચૌહાણ (એંકર) તથા એ.જે. ત્રિવેદી અને ભરતભાઈ શુક્લએ જણાવ્યું હતું.



# બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા અગ્નિકાંડના મૃતકોને અપાઈ શ્રદ્ધાંજલી

ભારત હેડલાઇન, તા.૪

અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા દિવંગતોના સ્મરણાર્થે બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ રોહીતભાઈ કારિઆ, ધૈર્યભાઈ રાજદેવ, ગોરધનભાઈ લાલસેતા, કિશોરભાઈ પારેખ તેમજ કાર્યકરો જીતુભાઈ દામાણી, મનુભાઈ ટાંક, દિનકરભાઈ રાજદેવ, ભૂદેવ સેવા સમીતીના જે.ડી. ઉપાધ્યાય, હિતેશભાઈ મહાદેવ, રજનીભાઈ સાતા, શાસ્ત્રી પ્રવિણભાઈ ભટ્ટ, ચિરાગભાઈ ધામેચા ઉપસ્થિત રહ્યા હતા.

# વી.વી.પી.માં વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન જ માતબર પગાર સાથે મળ્યું પ્લેસમેન્ટ




ભારત હેડલાઇન, તા.૪

વી.વી.પી.ના મીકેનીકલ, ઈલેકટ્રીકલ, કેમીકલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર એન્જીનીયરીંગ, ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનીકેશન, સીવીલ એન્જીનીયરીંગ અને બિયોટેક્નોલોજિ ના કુલ ૨૭૦ થી પણ વધુ વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન જ કુલ વાર્ષિક રૂા. ૮ કરોડના માતબર પગાર સાથે પ્લેસમેન્ટ મળ્યું છે, ૧૫૦ થી વધુ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓએ વી.વી.પી. ના વિદ્યાર્થીઓને પસંદ કરી પ્લેસમેન્ટ આપ્યું છે. પ્લેસમેન્ટની જવલંત સફળતા માટે વી.વી.પી. ના આચાર્યશ્રી ડો. તેજસ પાટલીયાના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કમિટિના કન્વીનર ડો.જીગ્નેષ જોષી સભ્યો ડો.જીતેન માકડીયા, પ્રો.સંકેત પંડયા, પ્રો. દેવાંગ પરમાર, પ્રો.જિલેશ પંડયા,પ્રો.જીગ્નેશ શાહ, પ્રો.દિપેશ જોષી, ડો.કોમિલ વોરા, ડો.સ્નેહા પંડયા, પ્રો.રવિન સરધારા, પ્રો.નિર્મલ ભાલાણી, પ્રો.શ્રેયશ ધુલિયા, તમામ વિભાગીય વડાઓ, પ્રાધ્યાપક ગણ અને કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી રહયા છે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને વી.વી.પી. નાં ટ્રસ્ટીઓ શ્રી કૌશિકભાઈ શુકલ, શ્રી હર્ષલભાઈ મણીઆર, ડો. સંજીવભાઈ ઓઝા તથા ડો. નરેન્દ્રભાઈ દવેએ શુભેચ્છાઓ પાઠવી છે.

# અન્ડર બ્રિજ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન પર તંત્રની સ્વચ્છતા ઝુંબેશ

ભારત હેડલાઇન, તા.૪

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત મહાનગર પાલિકા દ્વારા તા.૧ જૂન થી ૧૫ જૂન દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં ફલાયઓવર અન્ડરબ્રીજ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન વગેરે જગ્યાએ કમિશ્નર દેવાંગ દેસાઈ નાયબ કમિશ્નર સ્વપિનલ ખરેના તેમજ અન્ય




અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રેલનગર પાસે આવાસમાં મહિલા સંચાલિત જુગારધામ પર દરોડોઃ નવ શખસો ઝડપાયા

ભારત હેડલાઇન, તા.૪

શહેરના રેલનગર વિસ્તારમાં છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં રહેતી મહિલાના મકાનમાં ચાલી રહેલા જુગારધામ પર પ્ર.નગર પોલીસે દરોડો પાડી અહીં જુગાર રમતા નવ શખસોને ઝડપી લીધા હતા.પોલીસે તેમની પાસેથી રોકડ પિયા ૬૩,૪૦૦ તથા બે મોબાઈલ સહિત કુલ પિયા ૭૩,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જુગારના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.આઈ બી.એમ.ઝણકાટની રાહબરી હેઠળ પીએસઆઈ બી.વી.ચુડાસમા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન કોન્સ્ટેબલ અંકિતભાઈ નિમાવતને મળેલી બાતમીના આધારે રેલનગર વિસ્તારમાં આવેલી છત્રપતિ શિવાજી ટાઉનશીપ વીંગ નંબર એફ બ્લોક નંબર ૨૦૨ માં રહેતા ભકિતબેન જયંતીલાલ રાજગોરના લેટમાં પોલીસે દરોડો પાડો હતો. પોલીસે અહીં જુગાર રમતા નવ શખસોને ઝડપી લીધા હતા જેમાં ભકિતબેન રાજગોર (ઉ.વ ૫૦) ઉપરાંત વજુ રાયધનભાઈ બકુત્રા(ઉ.વ ૫૬) અશોકસિંહ ખુમાનસિંહ જાડેજા (ઉ.વ ૫૦), શૈલેષગીરી રામગીરી ગોસાઈ(ઉ.વ ૫૨), જીતેન્દ્રસિંહ ભુપેન્દ્રસિંહ સરવૈયા (ઉ.વ ૪૦), કેશવજી ડાયાભાઈ ચાવડા(ઉ.વ ૬૧), ભગવાન કરશનભાઈ ચૌહાણ (ઉ.વ ૫૫), નિતેશ નાનજીભાઈ અકબરી(ઉ.વ ૪૦) અને ભરત મનસુખભાઈ અઘારા (ઉ.વ ૪૫) નો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ પિયા ૬૦,૩૦૦ તથા બે મોબાઈલ મળી કુલ પિયા ૭૩,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.